# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **ગુરૂવાર તા.૩૦–૬–૨૦૨૨ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૨૩–૬–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી.૩૪ (મગોબ–ડુંભાલ), ટી.પી. ૩૫ (કુંભારીયા), ટી.પી.નં.૬૪ (ડુંભાલ–મગોબ) અને ટી.પી.૧૯ (પરવત–મગોબ) વિસ્તારમાં આવેલ હયાત સ્ટોર્મ ડ્રેનેજ તથા ડ્રેનેજ પાઈપ લાઈનના નેટવર્ક, મશીનહોલ તેમજ ઈનલેટ ચેમ્બરને જરૂરીયાત મુજબના સ્થળોએ રીપેરીંગ કરવાના/નવા પાઈપો નાંખવાના/નવા મશીનહોલ તેમજ ઈનલેટ ચેમ્બર બનાવવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર દેવલ આર. હિંગરાજીયાનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨૪,૬૦,૩૯૭–૩૦ થી ૪.૫૯% ઉંચુ એટલે કે રૂા.૨૫,૭૩,૩૨૯–૫૪ નું ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૬–૨૦૨૨ નો પત્ર, નોર્થ ઝોન વિસ્તારમાં વિવિધ જંકશન પર ટ્રાફિક આઈલેન્ડ તેમજ ચેનેલાઈઝર બનાવવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર કુંજન એચ. રામાણીને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૮,૪૮,૨૧૭–૬૪ થી ૩.૭૧% નીચા ભાવે એટલે કે રૂા.૪૬,૬૮,૩૪૮–૭૭ ના ખર્ચે ઉકત કામ સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૬–૨૦૨૨ નો પત્ર, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૧૧, નોંધ નં.૪૨૭, ૪૨૯, ૪૩૦ નાણાવટ ખાતે રીડીંગ રૂમના બાંધકામ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર એન.પી.મુગરાનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૯,૦૬,૯૩૨–૮૭ થી ૨૪.૮૮% ઉંચુ એટલે કે રૂા.૬૧,૨૭,૭૭૭–૭૭ નું ટેન્ડર મંજુર કરવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૬–૨૦૨૨ નો પત્ર, પશ્ચિમ ઝોનમાં વિવિધ વિસ્તારોમાં જરૂરી સલામતીના સાધનો સહિત હયાત ડ્રેનેજ/સ્ટોમ લાઈન, બોક્ષ લાઈન, મશીનહોલ, ફલડગેટ, ડીસીલ્ટીંગ કરી ડીસીલ્ટીંગ મટીરીયલ કાર્ટીંગ કરવા સાથેના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી વિનોદ, સુરતને પ્રતિ શીફટ(આઠ કલાક) પ્રતિ ટીમ રૂા.૧૦,૭૭૨/– લેખે રૂા.૩૨,૩૧,૬૦૦/– ની કામગીરી સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૬–૨૦૨૨ નો પત્ર, પશ્ચિમ ઝોન, રાંદેર, અડાજણ, વરીયાવ, જહાંગીરપુરા અને અન્ય વિસ્તારમાં જરૂરીયાત જણાયે ડ્રેનેજ લાઈન રીપેરીંગ, મેઈન્ટેનન્સ અને ડ્રેનેજ લાઈન નાંખવા (ટુકડા) સહિત ડ્રેઈન મશીનહોલ બનાવવાના કામે આવેલ કુલ–૩ પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના એકમાત્ર ટેન્ડરર કુમાર કન્સ્ટ્રકશનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૫૧,૮૦,૧૫૯–૩૦ થી ૧૦% ઉંચુ એટલે કે રૂા.૫૬,૯૮,૧૭૫–૨૩ નું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૬–૨૦૨૨ નો પત્ર, જુના પૂર્વ ઝોન–એ, ટી.પી.સ્કીમ નં.૧૬ (કાપોદ્રા), ફા.પ્લોટ નં.૪૪ ખુલ્લા પ્લોટમાં 'પે એન્ડ પાર્ક' માટે નિયત કરેલ જગ્યામાં પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૨ પૈકી ઉંચી ઓફર આપનાર ટેન્ડરના ટેન્ડરર વેદુ કન્સ્ટ્રકશનને રૂા.૨૨,૨૨,૨૨૨/– ની વાર્ષિક લાયસન્સ ફી થી ઉકત કામનો ઈજારો સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૬–૨૦૨૨ નો પત્ર, સા.સ.ઠ.નં.૨૧૦, તા.૨૯–૧૨–૧૯૮૬ થી નિયત કરવામાં આવેલ એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરની જગ્યાની હાલની પ્રવર્તમાન લાયકાતમાં સુધારો કરી દરખાસ્તના પત્રક–૨ મુજબની લાયકાત નિયત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૬–૨૦૨૨ નો પત્ર, મહા. ખાતેના પબ્લીક પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગ ખાતેના મહેકમ શીડયુલ પર ઉપસ્થિત કરવામાં આવેલ ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટની હાલની પ્રવર્તમાન લાયકાતમાં સુધારો કરી દરખાસ્તના પત્રક–૧ તેમજ ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટની હાલની પ્રવર્તમાન લાયકાતમાં સુધારો કરી પત્રક–૨ મુજબની લાયકાત નિયત કરવા તથા પબ્લીક પાર્કસ એન્ડ ગાર્ડન એવીયરી વિભાગના મહેકમ શીડયુલ પર હાલ મંજુર તમામ જગ્યાઓ (ઝુ ઈન્સ્પેકટર કમ કર્લાક–૧, ઝુ કીપર–૧૦, પટાવાળા–૧, બેલદાર–૩) સરથાણા નેચરપાર્ક ખાતે તબદીલ કરવા તથા તેટલે અંશે મેહેકમ પરિશિષ્ટમાં સુધારો કરવા તેમજ સદર જગ્યાઓ તબદીલ થયેથી પબ્લીક પાર્કસ એન્ડ ગાર્ડન એવીયરી વિભાગના મહેકમ શીડયુલ પરથી રદ કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૨૭–૬–૨૦૨૨ નો પત્ર, સ્પોર્ટસ સેલ ધ્વારા દરખાસ્ત સાથે સામેલ પત્રક–બ ના ક્રમ નં.૧ થી ૧૪ માં જણાવેલ વિગતે થયેલ ખર્ચની એકટની કલમ–૭૩(ડી) હેઠળ જાણ લઈ બહાલી આપવા તથા ક્રમ નં.૭ થી ૧૪ માં જણાવેલ કામો અંગે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા કોન્ડોન કરવા તથા ક્રમ નં.૮ થી ૧૩ જણાવેલ કામગીરી અંગે જે તે એજન્સીઓને સીકયોરીટી ડીપોઝીટ ભરવામાંથી તથા કરારનામુ કરવામાંથી મુકિત આપવા અને સદર તમામ કામોએ થયેલ ખર્ચનુ ચુકવણુ કરવા મંજુરી આપવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૨૭–૬–૨૦૨૨ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં પાણી પુરવઠાની ૧૦૦ મી.મી. વ્યાસથી ૬૦૦ મી.મી. વ્યાસની નવી નળિકા નાંખવાના તથા હયાત નળિકાના મરામત તથા નિભાવના મજુરી કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલીફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર પી.એમ.ઝાલા, સુરતને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૬,૫૦,૦૦૦/– થી ૧૪.૭૬% નીચા ભાવે એટલે કે રૂા.૩૯,૬૩,૬૬૦/– ના ખર્ચે ઉકત કામગીરી સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૨૭–૬–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ડ્રા.ટી.પી.સ્કીમ નં.૧૯(પરવત–મગોબ), ફા.પ્લોટ નં.૧૨ માં આવેલ શ્રી વર્ધન સોસાયટી (પ્લોટ નં.૧૦૬ થી ૨૬૮ અને ૩૬૨ થી ૫૩૮) ના રસ્તાઓને સીમેન્ટ કોન્ક્રીટના બનાવવાના કામે સ્થા.સ.ઠ.નં.૧૩૭૦/૨૦૨૧ થી મંજુર થયેલ યુનિટ રેઈટ, શરતો અને સ્પેશીફીકેશનને આધિન કરવા સંમતિ આપનાર કુલ–૧૧ ઈજારદારો (૧) મે.જયશ્રી ન્યુ ચામુન્ડા કન્સ્ટ્રકશન કું. (૨) પટેલ સંકેત હસમુખભાઈ, ઉંઝા (૩) મે.છનાભાઈ કે. પટેલ, કામરેજ (૪) રણજીત કન્સ્ટ્રકશન કું., મહેસાણા (૫) કે. કે. સાવલીયા, સુરત (૬) શ્રી સાંઈ કન્સ્ટ્રકશન કું. (૭) મે.જે.એમ.શાહ (૮) મે.કે.કે.બી. પ્રોજેકટસ પ્રા.લિ. (૯) મહેન્દ્ર એ. પટેલ (૧૦) ભવાની કન્સ્ટ્રકશન કું., સુરત અને (૧૧) તુષાર એન. રંગરેજ, સુરત પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૧,૬૮,૯૮,૬૫૧–૪૦ થી ૨૩.૪૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૨,૦૮,૫૨,૯૩૫–૮૩ ના ખર્ચે સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૭–૬–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, સબઝોન–એ વિસ્તારમાં આવેલ સોસાયટીઓના રસ્તાઓ અને ટ્રેન્ચ લાઈનને MoRTH-2013 મુજબ સબગ્રેડથી ટોપ વેરીંગ લેયર સુધીના રસ્તા બનાવવાના કામે સ્થા.સ.ઠ.નં.૮૭/૨૦૨૨ થી મંજુર થયેલ ટેન્ડર રકમ રૂા.૫,૨૭,૧૭,૦૧૬–૪૫ થી ૩૦% એટલે કે રૂા.૧,૫૮,૧૫,૧૦૪–૯૪ નું વધારાનું કામ મૂળ કામના ઈજારદાર શ્રીજી કન્સ્ટ્રકશન કું. પાસે કરાવવા, વધારાના કામ માટે જરૂરી બલ્ક બિટયુમીન VG-30 આશરે ૧૯૦.૦૦ મે.ટન ચાલુ વર્ષના સપ્લાયર હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમીટેડ/ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમીટેડ પાસેથી ચાલુ વર્ષના ભાવે અને શરતે ખરીદવા તથા સદર ઈજારદારને કામના ખરેખર જથ્થા અનુસાર ચુકવણુ કરવા તેમજ સદર કામે ગણતરીમાં લીધેલ રસ્તાઓ તથા આઈટમના જથ્થામાં જરૂરીયાત/સ્થળ સ્થિતિ મુજબ ફેરફારની સંભાવના રહેલ હોય, જે મુજબ ટેન્ડરની રકમની મર્યાદામાં ટેન્ડરમાં જણાવેલ આઈટમના જથ્થાના ડેવિએશન (વધ/ઘટ) મુજબ કામગીરી કરવા મંજુરી આપવા તેમજ વધારાની રકમ માટે ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૭–૬–૨૦૨૨ નો પત્ર, મહા.માં મહદઅંશે તમામ ઝોનમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જનભાગીદારી યોજના હેઠળ ખાનગી સોસાયટીના કામોએ રાજય સરકારશ્રી ધ્વારા ૭૦% ગ્રાંટ પુર્ણ થયેલ/પુર્ણતાને આરે હોય તથા સોસાયટી ધ્વારા કરવામાં આવેલ નવી અરજીઓનો ખર્ચ અગાઉ સરકારશ્રીના ૭૦% મુજબ ફાળવેલ ગ્રાંટ પૈકી બચત ગ્રાંટ ઉપરાંત રૂા.૫૦ કરોડ કરતા વધુ થનાર હોય, તાકીદે સરકારશ્રીમાં દરખાસ્ત કરવાની જરૂર હોય મ્યુ.ક.શ્રીની તા.૪–૯–૨૦૨૦ ની મૂળ દરખાસ્ત સાથે આ પુરક દરખાસ્ત રાખી યોગ્ય નિર્ણય લેવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૭–૬–૨૦૨૨ નો પત્ર, મહા.ના વોર્ડ નં.૨૦, ખટોદરા–મજુરા–સગરામપુરાના ચૂંટાયેલ મ્યુ.સભ્યશ્રી જયેશભાઈ મહેન્દ્રભાઈ જરીવાલા(જગાભાઈ) નું તા.૨૨–૫–૨૦૨૨ રવિવારના રોજ દુખઃદ અવસાન થયેલ હોય, મર્હુમના માનમાં તા.૨૩–૫–૨૦૨૨ સોમવારના રોજ મહા.ની તમામ કચેરીઓ, શાળા બોર્ડની કચેરી તેમજ મહા. સંચાલિત ન.પ્રા.શિ.સમિતિની તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવેલ તેની જાણ લેવા બાબત.

આ દે શ થી,

સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૨૭–૬–૨૦૨૨.
ANAHITA.